સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત

# ભિલોડામાં ધુળેટીના તહેવારની રમઝટ



ભિલોડા,તા.૨૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં હોળી-ધુળેટીના તહેવારની ધામધુમ પુર્વક ઉજવણી યોજાશે.ગોળ,ધાણી અને ખજુરની વહેંચણી બાદ રંગ પર્વ ધુળેટીની રમઝટ જામશે.અગાઉથી જ પ્રજાજનોએ એક બીજાને રંગોથી રંગવા માટે રંગોની ખરીદી કરી લેતાં તમામ વિસ્તારોમાં ધુળેટીનો રંગ ગુટાતો જોવા મળશે.હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તો પ્રજાજનોને આનંદ,ઉત્સાહ જોવા મળી રહ્યો છે.હોળીના દિવસે સામાજીક અને ધાર્મિક રીતીરીવાજો મુજબ હોળીના દિવસે જન્મેલ બાળકને ઢુંઢાળવાની ધાર્મિક વિધિના કાર્યક્રમો ઠેર-ઠેર યોજાશે.બાળકને બાજોટ પર તેની ફોઈ ખોળામાં બેસાડી નાના-નાના પાંચ બાળકો હાથમાં નાનકડી લાકડાની બનાવેલ તલવાર જમણા હાથે નાડાછડી,લલાટમાં કુંમકુંમ તીલક કરી માથે લાલ-કેસરી રંગનો ફેટો પહેરી હાથમાં તાંબાના કળશમાં પાણી લઈ બાજોટ પર બેસાડી બાળકની પ્રદક્ષીણા કરતા જાય અને આંબાનો મોર બાળકને મોર પીવડાવવામાં આવે છે.

આંબાનો મોર પીવડાવવાની રીત-રસમ અપનાવવામાં આવે છે.કળશમાં વધેલું પાણી બાળકની માતા ઉપર રેડી ગોળ,ધાણી,ખજુર વહેંચી ધુળેટીની રમઝટ શરૂ થાય છે.નવી નવતરે બાળકની પહેલી હોળી ઉપર ઢુંઢ કરવાની વર્ષો જુની પરંપરા આજે પણ અંકબધ્ધ છે.રંગબેરંગી રંગોનું પર્વ હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે અત્ર-તત્ર-સર્વત્ર પ્રજાજનો રંગાઈ જવાના મુડમાં હોય છે.૨૧મી સદીના હાઈટેક યુગમાં હોળી-ધુળેટી પર્વનું મહત્વ આજે પણ ગ્રામ્યવિસ્તારમાં અંકબધ્ધ જોવા મળે છે.દિન-પ્રતિદિન ઢુંઢ વિધિનું હવે મહત્વ વધી રહ્યું છે.

સાથે-સાથે પ્રજાજનો અવનવી રીતરસમો ઢુંઢ વિધિમાં અપનાવી રહ્યા છે.જેના ઘરે નવીન અવતરે જન્મેલ બાળકને ઢુંઢાળવાની વિધિમાં આનંદ-ઉત્સાહ જોવા મળતો હોય છે.બાળકને આંબાના મોરનું પાણી પીવડાવવામાં આવે છે.

છેલ્લા ૧૫ વર્ષથી ગામમાં નથી પ્રગટી હોળી

# રામસણ ગામમાં હોળી પ્રગટાવવાથી લાગે છે આગ

## સામાન્ય જ્યોત કરી લોકો હોળી માતાના દર્શન કરી બાળકોને પગે લગાડે છે

ધાનેરા, તા. ૨૩

સમગ્ર દેશમાં ખુબજ ઉત્સાહ સાથે હોળીના પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જીલ્લાનું એક એવું ગામ છે કે જ્યાં હોળીના દિવસે હોળી પ્રગટાવવામાં આવતી નથી અને જો હોળી પ્રગટાવવામાં આવે તો લાગે છે આખા ગામમાં આગ. કેમ હોળી પ્રગટાવવાથી ગામમાં આગ લાગે છે.

બનાસકાંઠા જીલ્લાનું રામસણ ગામ સમગ્ર દેશમાં હોળીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. પરંતુ રામસણ ગામમાં હોળીના દિવસે હોળી પ્રગટાવવામાં આવતી નથી અને સામાન્ય જ્યોત પ્રગટાવી નાના બાળકોને પગે લગાડી લોકો જ્યોતમાં હોળી માતાના દર્શન કરી હોળીના પર્વની ઉજવણી કરે છે.

હવે જો વાત કરવામાં આવે ગામમાં હોળી ન પ્રગટાવવાની તો રામસણ ગામ એ રામાવટી રામની નગરી તરીકે ઓળખાતું ગામ છે અને રામ અને હોલિકાને વેર હોવાથી આ ગામમાં હોળી નથી પ્રગટાવવામાં આવતી અને જો તેમ છતાં પણ આ ગામમાં હોળી પ્રગટાવવામાં આવે તો આખા ગામમાં આગ લાગે છે અને ગામમાં ભારે નુકશાન થવા પામે છે. આ ગામમાં ૧૫૦ વર્ષથી હોળી પ્રગટાવવામાં નથી આવતી અને ૧૫૦ વર્ષ પહેલા આ ગામમાં હોળી પ્રગટાવવામાં આવી હતી અને જેના લીધે ગામમાં ત્રણ વખત આગ લાગી હતી જેમાં લોકો અને પશુઓ મોટી સંખ્યામાં મોતને ભેટ્યા હતા ત્યારબાદ આ ગામમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આજથી આ ગામમાં હોળી પ્રગટાવવી નહિ છેલ્લા ૧૫૦ આ ગામમાં હોળી પ્રગટાવવામાં નથી આવી. અને જો તેમ છતાં પણ ગામમાં હોળી પ્રગટાવવામાં આવે તો ગામમાં ભારે તબાહી સર્જાય છે અને નિર્દોષ લોકો તેમાં હોમાય છે.

# યુનિક-યુ સ્કૂલ ઈડર દ્વારા ‘વર્લ્ડ વોટર ડે’ની ઉજવણી



ઈડર, તા. ૨૩

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રામ્ય બાળકોમાં દષ્ટિકોણ કેળવાય અને ૨૧ મી સદીની જરૂરિયાત પ્રમાણે કૌશલ્યો, અભિગમ અને જ્ઞાન વિદ્યાથીઓને પ્રાથમિક કક્ષાએથી જ મળે તે માટે કામ કરતી વિશિષ્ટ સ્કૂલ છે.

વર્લ્ડવોરટ ડેની ઉજવણીમાં શ્રી મેહુલભાઈ દ્વારા પાણીનું મહત્વ અને વૈશ્વિક સ્તરે પર્યાવરણના સંતુલન માટે પાણીની બચત કેવી રીતે કરવી તેની પ્રાથમિક સમજ વિદ્યાથીઓને આપવામાં આવી હતી. આ અનુસંધાનમાં ઈકો હોળી ઉજવણીને જોડી દેવામાં આવ્યું હતું. જેમાં યુનિક-યુ સ્કૂલના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઈકો હોળી માટે પ્રતિજ્ઞાપત્રો ભર્યા અને સમાજના ૪૦૦થી વધુ નાગરીકોને પણ આ પ્રતિજ્ઞા સમજાવી લેખિતમાં પ્રતિજ્ઞાપત્ર ભરાવ્યું છે. પરિણામ સ્વરૂપે બાળકોતો પર્યાવરણની સભાનતા સાથે હોળીની ઉજવણી કરવા માટે કેળવાયા પણ આ સાથે સમાજમાં પણ પર્યાવરણની સભાનતા સાથે જવાબદારીપૂર્વક હોળીની ઉજવણી કરવાનો સંદેશ નક્કર રીતે ફેલાવ્યો.

પ્રાથમિક કક્ષાએથી જ ધર્મ, વિજ્ઞાન અને સમાજ વિશે બાળકોને યોગ્ય સમજ આપવામાં આવે અને એ સમજ બાળકો દ્વારા સમાજમાં ફેલાય તેવા પ્રયત્નો થાય તો બાળકોની નેતૃત્વશકિત વિકસવાની સાથે જવાબદાર નાગરિક તરીકેના ગુણો અને કર્તવ્યો સાહજિક રીતે એમનામાં વિકસશે .યુનિક યુ સ્કૂલના સામાજિક નીસ્બત સાથેના આવા પ્રયત્નો ખરેખરે ઉપયોગી અને ઉદાહરણનીય છે.

# અરવલ્લી જિલ્લાના નવા સેવા સદનનું ૨૬મીએ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

અરવલ્લી, તા. ૨૩

નવરચિત અરવલ્લી જીલ્લાનું નવીન જીલ્લા સેવા સદન નિર્ધારીત સમય કરતા દોઢ વર્ષ મોડું તૈયાર થયા બાદ રૂપિયા ૩૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ બિલ્ડીંગનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવનાર હોઈ તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરાઈ છે.

ગુજરાત સરકાર દ્વારા તા.૧૩/૮/૨૦૧૩ના રોજ સાબરકાંઠામાંથી નવીન અરવલ્લી જીલ્લાની રચના કરાઈ. નવરિચત અરવલ્લી જીલ્લાની પ્રથમ જીલ્લા કલેકટર કચેરી મોડાસાની પ્રાન્ત કચેરી ખાતે અને ત્યાર બાદ મામલતદાર કચેરીના પ્રથમ મજલે શરૂ કરાઈ. તા. ૨૦/૨/૨૦૧૪ના રોજ જીલ્લા સેવાસદન બીલ્ડીંગ માટે રૂપિયા ૨૦ કરોડ મંજૂર કરાતાં ટેન્ડરીંગ બાદ કલોલની કન્સ્ટ્રકશન કંપનીને ૯ માસમાં બીલ્ડીંગ તૈયાર કરવાની શરતે કોન્ટ્રાકટ અપાયો.

### નગરપાલીકા કક્ષાએ વીસરાયેલ યોજનાઓ

- સીટી બસ યોજના - ૭ વર્ષથી ખોરંભે
- સર્વોદય નગર આવાસ યોજના
- નગર ગટર યોજના - (બે વાર ખાતમુહર્ત : એકવાર લોકાર્પણ છતાં પરિણામ શૂન્ય)
- તળાવમાં બોટીંગ
- જનસેવા કેન્દ્રો - ૪
- નગરમાં નવ સ્થળે સર્કલ બનાવાની યોજના

### જીલ્લાની યોજનાઓ

ફાળવાયેલ જમીન

- એસ.પી.કચેરી- ૧૦હજાર ચો.ફુટ
- મોડાસા પો.સ્ટેશન - ૩૬૦૦ ચો.મી.
- એમ.ટી.વિભાગ - ૧૨.૫ એકર
- પરેડ ગ્રાઉન્ડ કવાર્ટસ - સર્વે નં. ૪૨૫
- આર.ટી.ઓ.કચેરી માટે-૩ એકર જમીન
- સરકારી કર્વાટર - ડુઘરવાડા રોડ
- આર એન્ડ બી બંગ્લોઝ - ૨૪ હજાર મી.
- યુજીવીસીએલ સ્ટોર - લીંભોઈ નજીક
- સરકીટ હાઉસ - ૧૦ કરોડ ફળવાયા
- જીલ્લા પંચાયત ભવન - ૧૦ હજાર ચો.મી.

નિર્ધારીત મુદ્દત કરતાં દોઢ વર્ષ બાદ અને મંજુર કરાયેલ રકમ કરતા ૧૦ કરોડ વધુના ખર્ચે મોડાસા નગરથી ૩ કી.મી. દુર તૈયાર કરાયેલ વિશાળ જીલ્લા સેવા સદનનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ૨૬મી માર્ચે કરાશે. દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સેવાસદનનું ખાત મુહર્ત વિધી ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ યોજાયો હતો.

જીલ્લાની પાંચમીવારની મુલાકાતે આવતાં મુખ્યમંત્રીના કાર્યક્રમ દરમ્યાન જીલ્લા પંચાયત ભવન, રખીયાલ ખાતે ૮ કરોડના ખર્ચે બાંધવામાં આવનાર બ્રીજ, મોડાસા નગરપાલિકાનું સ્પોર્ટ સેન્ટર જેવા કેટલાય વિકાસ કામોનું ખાતમુહર્ત અને તૈયાર થયેલ યોજનાઓનું લોકાપર્ણ હાથ ધરવામાં આવનાર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# રતનગઢ ગામે પરિણીતાની છેડતી મામલે પોલીસ ફરિયાદ

શિહોરી, તા. ૨૩

કાંકરેજ તાલુકાના રતનગઢ ગામે ચૌધરી યુવાને પરિણીત મહિલાની છેડતી કરી ગાળો બોલી મારી નાખવાની ધમકી આપતા શિહોરી પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાંકરેજના રતનગઢ ગામે રહેતી પરિણીત મહિલા બે દિવસ અગાઉ ખેતીકામ કરી પરત ફરી રહી હતી. આ દરમિયાન ગામના જ ઈસમ દશરથ હિરા ચૌધરીએ આ મહિલા સાથે છેડછાડ કરી તેની આબરૂ લેવાની કોશિશ કરી હતી અને મહિલાના કપડા ફાટી નાખી બિભત્સ ગાળો બોલી કોઈને કઈશ તો મારી નાખવાની ધમકી આપી હતી. આથી હાફડીફાફડી બનેલી પરિણીતાએ આ છેડતીના બનાવ સંદર્ભે શિહોરી પોલીસ મથકમાં દશરથ ચૌધરી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેત્રાલની પરિણીતાને ત્રાસ અપાતા પાંચ સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર અને ખેડબ્રહ્માના મેત્રાલમાં પતિ સહિત સાસરીયાના શારીરિક-માનસિક ત્રાસ સાથે મારઝૂડનો ભોગ બનેલી પરિણીતાએ સોમવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પાંચ સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. મહિલાએ સાસરીયા વિરૂધ્ધ રૂા.૨ લાખના દહેજની માગણી કરી અને ન લાવે તો જાનથી મારવાની ધમકીઓ આપ્યાની રાવ મહિલા પોલીસ સમક્ષ કરી છે. આ અંગે મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ગજીબેન વાદીના ખેડબ્રહ્માના મેત્રાલ ખાતેના છાપરામાં રહેતા સુરેશભાઈ વાદી સાથે લગ્ન થયા હતા. લગ્નના દોઢેક વર્ષથી પરિણીતાના પતિ, સાસુ, સસરા, દિયર તેમજ મોટા સસરા દ્વારા છુટાછેડાની માંગણી સાથે શારીરિક-માનસિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મરાતો હતો. ઉપરાંત પરિણીતા પાસે કરીયાવર લાવેલ ન હોઈ રૂા.૨ લાખની માગણી કરી સાસરીયા દ્વારા ગાળો ભાંડીને જાનથી મારવાની ધમકીઓ પરિણીતાને અપાતા તેણીએ સોમવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચી પાંચેય સાસરીયા વિરૂધ્ધ ત્રાસ ગુજારવા સાથે દહેજની માંગણી કરવા બાબતની ફરિયાદ નોંધાવી હતી. મહિલા પોલીસે પરિણીતાની ફરિયાદ આધારે તેણીના પતિ સહિત સાસરીયા વિરૂધ્ધ મામલો દર્જ કરી લઈ સમગ્ર પ્રકરણની તપાસનો દોર શરૂ કર્યો છે.

### કેટલા વિરૂધ્ધ ફરિયાદ

સુરેશભાઈ લાલાભાઈ વાદી (પતિ)
જયાબેન લાલાભાઈ વાદી (સાસુ)
લાલાભાઈ સોનાભાઈ વાદી (સસરા)
સંજયભાઈ લાલાભાઈ વાદી (દિયર)
(ચારેય રહે.મેત્રાલ રોડ, કોલેજની બાજુના છાપરામાં)
ભાણાભાઈ સોનાભાઈ વાદી (મોટા સસરા)
(રહે.રસુલપુર હાઈવે પર છાપરામાં, પ્રાંતિજ)

# દિયોદર ઠાકોર સેનાની જનતા રેડ



દિયોદર તાલુકામાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જનતારેડમાં દિયોદર તાલુકાના સણાદર ગામમાંથી બચુજી ઠાકોરના ઘરમાંથી ૨૨ લીટર દેશી દારૂનો જથ્થો પકડ્યો અને લુદ્રા ગામમાંથી એક બુટલેગરના ઘરમાંથી કાચું દેશીદારૂનું માટલું પકડાયું. તેમજ બિયોક વિસ્તારમાંથી દારૂ પકડ્યો. એમાં મનુજી ઠાકોર દિયોદર ઠાકોર સેના પ્રમુખ તેમજ મહામંત્રી જગદીશજી તેમજ અમિતભાઈ વકીલ ઈશ્વરજી ઠાકોર તથા દિયોદર દિયોદર તાલુકા જિ. કે.ટી.એસ. ટીમ અને ગ્રામ ટીમ દ્વારા જનતારેડ કરાઈ.

# મોડાસામાં ધર્મ અને રાષ્ટ્ર બચાવવા અનોખું અશ્લિલ હોલિકા દહન




મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા નજીક મહાલક્ષ્મી ટાઉનહોલ આગળ મોડાસા ગાયત્રી પરિવાર અને નગરપાલિકા તંત્ર દ્વારા બુધવારે ધર્મ અને રાષ્ટ્રને બચાવવા અનોખી અશ્લિલ હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. અશ્લિલ હોળીમાં અશ્લિલ ફિલ્મો અને સીરીયલના પોસ્ટરોની હોળી કરી ગાયત્રી પરિવારના સભ્યો અને નગરપાલિકા તંત્ર દ્વારા મંત્રોચ્ચાર દ્વારા હોળી રમી ઉજવણી કરી હતી. મોડાસા ચાર રસ્તા નજીક અનોખી હોળી યોજાતા મોટી સંખ્યામાં નગરજનો હોલીકાદહનનો કાર્યક્રમ જોવા ઉમટી પડ્યા હતા. મોડાસા ચાર રસ્તા નજીક બુધવારે મહાલક્ષ્મી ટાઉનહોલ આગળ મોડાસા ગાયત્રી પરિવાર અને નગરપાલિકાના કાઉન્સીલરો દ્વારા અશ્લિલ હોલીકા દહનનો કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેનો મુખ્ય હેતુ ધર્મ અને રાષ્ટ્ર બચાવવા અશ્લિલ હિન્દી ફિલ્મો અને સીરીયલોમાં દેખાડતા અશ્લિલ દશ્યો તેમજ ભારતીય સંસ્કૃતિને લાંછન લગાડવાની થતી ચેષ્ટાઓ બંધ કરવામાં આવે તદઉપરાંત બજારોમાં હિન્દી ફિલ્મો અને વિલાયતી ફિલ્મોના પોસ્ટરો અશ્લિલતાથી ભરપુર હોય તેવા દશ્યો સાથે માર્ગો પર લટકાવી દેવાતા અહીંથી પસાર થતી મહિલાઓ અને યુવતીઓ ક્ષોભજનક પરિસ્થિતિ અનુભવી પડતી હોય છે. તદ્ઉપરાંત આવા બિભત્સ પોસ્ટરપરના દશ્યોથી બાળકો અને વિદ્યાર્થીઓના બાળ માનસ પર ખુબજ ગંભીર અસર થતી હોવાથી આવા પોસ્ટરો હટાવી લઈ ઉગ્ર વિરોધ દર્શાવી અશ્લિલ હોલિકા દહન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તદઉપરાંત પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેવી સીરીયલોના બદલે દ્વિઅર્થી સંવાદથી ભરપુર સીરીયલોનો ચેનલો વાળા પ્રદર્શીત કરતા હોવાથી પરિવારજનોએ ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાવવું પડતુ હોય છે. આવી અશ્લિલતા અને દ્વિઅર્થી સંવાદોવાળી સીરીયલોના અને ફિલ્મના પોસ્ટરની હોળી કરવામાં આવી હતી. મોડાસાની શાંતિકુંજ સોસાયટીમાં ગાયત્રી પરિવાર દ્વારા અશ્લિલતાના પુતળાનુ દહન કરી ગાયત્રી પરિવારના સભ્યો દ્વારા મંત્રોચ્ચારની જોરશોરથી ઉચ્ચારણો સાથે હોળીની પ્રદક્ષિણા કરાઈ હતી.

# પ્રાંતિજના ફતેપુરા ખાતે જળ દિવસની ઉજવણી

પ્રાંતિજ તા ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુરા ખાતે જિલ્લા કક્ષાનો વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પાણીના ઉપયોગ ગુણવત્તાની સભાનતા જળ સહયોગ, કરકસરયુક્ત વપરાશ, રીચાજીગ, સ્ત્રોતની સ્વચ્છતા, પાણીનું સમાન વિતરણ, ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ અને તેનો ઉપયોગ અને સ્વચ્છતા વગેરેનું માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

વિશ્વ જળ દિનની ઉજવણીના ભાગરૂપે જીલ્લા કલેકટર અને જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ હિંમતનગર દ્વારા વોટર એન્ડ જોબ વિષય નિમિત્તો જીલ્લાકક્ષાનો કાર્યક્રમ ફતેપુરા ખાતે પાણી પુરવઠાના હેડ વર્ક્સ ખાતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં જીલ્લાની કુલ ૪૦ ગામની સમિતિઓના કુલ ૧૮૫ સભ્યોએ ભાગ લીધો હતો.

# મજરામાં પરંપરાગત હોલિકા ઉત્સવ

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ મજરા ગામે દરબાર સમાજ દ્વારા હોળી માટે ગામમાંથી ઘરે ઘરે જઈ લાંકડા- છાણાં ઉઘરાવી હોળીની રાત્રે બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે. અને વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં આજે પણ યથાવત છે.

પ્રાંતિજના મજરા ગામમાં ભૈરવનાથ મંદિરના ચોકમાં બે હોળી પ્રગટાવવામાં આવે છે. જેમાં એક હોળીમાં લાકડા મુકવામાં આવે છે અને બીજી હોળીમાં છાણાં મુકવામાં આવે છે અને લાકડાના અંગારા પડ્યા હોય તેના પરથી બાળકોથી માંડીને યુવાનો, વૃદ્ધો સળગતા અંગારા પરથી ખુલ્લા પગે ચાલે છે. છતાં હજુ સુધી કોઈપણ દાઝ્યુ હોય તેવો કોઈ બનાવ બન્યો નથી. ત્યારે દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકા દહન જોવા માટે શ્રદ્ધાળુઓ પ્રાંતિજ તથા તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, મોડાસા, ગાંધીનગર વગેરે સ્થળોએથી આવે છે.

અને પોતાની રાખેલ માનતા બાધા પૂર્ણ કરે છે. ત્યારે અંગારામાં ચાલવાની પરંપરા પ્રચલિત થઈ છે. જે નિમિત્તો બાળકનો પહેલી હોળીના દર્શન કરાવે છે અને નવા પરણેલા દંપતિ હોળીના દર્શન કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે ખેડૂતો અગ્નિની જ્યોતિમાં પૂળા લઈને પ્રગટાવી તેને ઘાસ પોતાના ઘરે પશુઓને ખવડાવે છે ત્યારે મજરા ખાતે દુરદુરથી લોકો આવીને દાદાભૈરવના દર્શન કરી હોળીના દર્શન કરી ધાણી ખજૂર શ્રીફળ ચડાવીને પૂજા રી ધન્યતા અનુભવે છે.

# ઈડરની પરિણીતાને ત્રાસ અપાતાં પતિ અને સાસુ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૨

ઈડરના મીરા દરવાજા પાસે રહેતી એક પરિણીતાને પતિ અને સાસુ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ અપાતા કંટાળીને પરિણીતાએ મંગળવારે બંને જણા વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઈડરના મીરા દરવાજા વિસ્તારમાં રહેતા યાસ્મીનાબાનુના લગ્ન રફીકભાઈ સતારભાઈ મનસુરી સાથે આઠ વર્ષ અગાઉ થયા હતા. દામ્પત્ય જીવનમાં તેમને એક સંતાન પણ છે. પરંતુ છેલ્લા બે વર્ષથી રફીકભાઈ મનસુરી તથા તેમના સાસુ મદીનાબાનુ દ્વારા અવારનવાર ઝઘડો કરી પજવણી કરવામાં આવતી હતી અને બહાના બતાવી તને રાખવી નથી તેથી તું જતી રહે તેમ કહી પરેશાન કરવામાં આવતી હતી. કંટાળીને યાસ્મીનાબાનુએ દવા પીને મરી જવાનું કહેતા લાગી આવ્યુ હતું. જેથી દવા પી લેતાં ઈડરની લાઈફ લાઈન હોસ્પિટલમાં દાખલ થવુ પડયુ હતું. જયાં તેમના પતિ રફીકભાઈએ આવીને દવાનો ખર્ચ આપવાનો ઈન્કાર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.